# ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

Accredited Grade 'A' by NAAC

## *ગૂજરાત વિદ્યાપીઠનો પરિચય*

ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના ૧૮ ઓક્ટોબર, ૧૯૨૦ના રોજ ગાંધીજીના હસ્તે રાષ્ટ્રીય વિદ્યાપીઠ તરીકે થઈ હતી. ગૂજરાત વિદ્યાપીઠના મૂલ્યશિક્ષણ આધારિત પ્રયોગોના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્ત્વના પ્રદાનના કારણે ભારત સરકારે ઈ.સ. ૧૯૬૩માં વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ અધિનિયમ હેઠળ ગૂજરાત વિદ્યાપીઠને માનિત વિશ્વવિદ્યાલયનો દરજ્જો આપ્યો.




ગાંધીજીના આદર્શો મુજબ દેશના નવઘડતરના કાર્યક્રમોના સંદર્ભમાં શિક્ષણ દ્વારા ચારિત્ર્યવાન, શક્તિસંપન્ન, સંસ્કારી તથા કર્તવ્યનિષ્ઠ કાર્યકરો તૈયાર કરવા તે આ સંસ્થાનો પાયાનો ઉદ્દેશ રહ્યો છે. આજના પરિવર્તનશીલ સમયમાં પણ ગૂજરાત વિદ્યાપીઠના ઉદ્દેશોને મજબૂત રાખવાની સન્નિષ્ઠ કોશિશ થઈ રહી છે. ગૂજરાત વિદ્યાપીઠ સમરસ સમાજ-રચનામાં વિદ્યાર્થીઓ કાર્યરત થાય તે ઉદ્દેશને પરિપૂર્ણ કરવા જીવનશિક્ષણની તાલીમ આપી રહી છે.

## *વિશેષતાઓ*

- વિદ્યાર્થીઓને ગ્રામીણ ભારતની સામાજિક ઓળખ મળી રહે તે હેતુસર ગ્રામજીવન પદયાત્રાનું આયોજન કરવામાં આવે છે.
- વિદ્યાપીઠના તમામ અભ્યાસક્રમોમાં શિબિર, પ્રવાસ, કેન્દ્રનિવાસ તથા અનુસ્નાતક (માસ્ટર) કક્ષાથી સંશોધન કાર્ય આવશ્યક છે.
- વિદ્યાપીઠમાં તેની વિશિષ્ઠ ઓળખ ગણાતું સમૃદ્ધ ગ્રંથાલય છે જેમાં જ્ઞાનનાં વિભિન્ન ક્ષેત્રોને આવરી લેતાં આશરે પાંચ લાખથી વધુ પુસ્તકો છે.



- ઉદ્યોગ દ્વારા શિક્ષણ એ બુનિયાદી શિક્ષણનો પાયો છે. આ સંદર્ભે વિદ્યાર્થીને અભ્યાસક્રમના ભાગરૂપે પ્રતિ સત્ર ૬૦ કલાક કોઈ એક ઉદ્યોગમાં નિપૂર્ણ થવાનું જરૂરી છે. આ પ્રકારની તાલીમથી વિદ્યાર્થીને અભ્યાસ બાદ રોજગારી મેળવવા કોઈના પર નિર્ભર રહેવું પડતું નથી અને તે તેનો નિર્વાહ ખર્ચ જાતે જ ઊભો કરી શકે છે.



- વર્ષ દરમિયાન લગભગ ૧૦૦ કલાકનું કાંતણ કરીને વિદ્યાર્થી બે જોડી ખાદીનું કાપડ મેળવી શકે છે.



- વિદ્યાપીઠમાં વિદ્યાર્થીઓ તેમના ભોજનાલયનું આયોજન જાતે જ કરે છે તેમજ ઓછા ખર્ચમાં શુદ્ધ અને પોષ્ટિક આહાર મેળવી શકે છે. સાથે સાથે તેઓને ભોજનબીલ પેટે થયેલું ખરેખર ખર્ચ જ ચૂકવવાનું રહે છે.
- વિદ્યાપીઠમાં છાત્રાલયજીવન ફરજિયાત રાખેલું છે જેનાથી વિદ્યાર્થીમાં સમૂહજીવનની ભાવના કેળવાય છે. છાત્રાલય જીવન દરમિયાન બીજા વિદ્યાર્થી સાથે અનુબંધ બાંધી એકબીજાની અનુકૂળતા ગોઠવી સહજીવન જીવતા શીખે છે.

# ગૂજરાત વિદ્યાપીઠમાં ચાલતા અભ્યાસક્રમો

| અનું. નં. | અભ્યાસક્રમ | વિષય | પરિસર | લઘુત્તમ આવશ્યકતા |
|---|---|---|---|---|
| 1 | બી.એસસી. | માઈક્રોબાયોલોજી | માઈક્રોબાયોલોજી વિભાગ, પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર પરિસર, સાદરા, તા.,જિ. ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૨૭૪૩૨૧ | ધોરણ ૧૨ સાયન્સ (બી અથવા એબી ગ્રુપ) |
| 2 | એમ.એસસી. | માઈક્રોબાયોલોજી | | બી.એસ.સી. (માઈક્રોબાયોલોજી) ૫૫% |
| 3 | બી.એ. | ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, ઇતિહાસ | મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, સાદરા, તા.,જિ. ગાંધીનગર ફોન નં. ૦૭૯૨૩૨૭૪૨૨૮ | ધોરણ ૧૨ પાસ |
| | એમ.એ. | અંગ્રેજી | | સ્નાતક (અંગ્રેજી) |
| 4 | બી.એ. બી.આર.એસ. | અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર ગ્રામઆયોજન અને ગ્રામવિકાસ | મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, રાંધેજા, તા.,જિ. ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૯૭૫૪૨૮ | ધોરણ ૧૨ પાસ |
| | બી.એસસી. | ગૃહવિજ્ઞાન | | ધોરણ ૧૨ સાયન્સ (બી અથવા એબી ગ્રુપ) |
| 5 | એમ.બી.એ. | ગ્રામવ્યવસ્થાપન | ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, રાંધેજા ૨૩૯૭૬૫૭૨ | સ્નાતક |
| 6 | બી.પી.ઇ.એસ. | શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન | શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, સાદરા ફોન નં. ૦૭૯-૨૩૨૭૪૪૧૯ | ધોરણ ૧૨ પાસ |
| | એમ.પી.ઇ.એસ | | | બી.પી.એસ. |
| | બી.પી.એડ | | | સ્નાતક |
| 7 | બી.એડ. | શિક્ષણ (IASE) | શિક્ષણ (IASE) વિભાગ, અમદાવાદ ફોન નં. ૦૭૯-૪૦૦૧૬૩૪૧/૩૪૨ | સ્નાતક |
| | એમ.એડ. | | | બી.એડ. |
| | બી.એડ. (હિન્દી) | હિન્દી શિક્ષણ (IASE) | | સ્નાતક (હિંદી) |
| 8 | બી.લીબ., | ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન | ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ ફોન નં. ૦૭૯-૪૦૦૧૬૨૭૧ | સ્નાતક |
| | એમ.લીબ. | | | બી.લીબ. |
| 9 | એમ.એસ.ડબલ્યુ | સમાજકાર્ય | મહાદેવ દેસાઈ સમાજ સેવા સંકુલ, અમદાવાદ ફોન નં. ૦૭૯-૪૦૦૧૬૨૭૧ | સ્નાતક (૫૫%) |

| અનું. નં. | અભ્યાસક્રમ | વિષય | પરિસર | લઘુત્તમ આવશ્યકતા |
|---|---|---|---|---|
| 10 | એમ.સી.એ. | કોમ્પ્યુટર | કોમ્પ્યુટર વિભાગ, અમદાવાદ<br>ફોન નં. ૦૭૯-૪૦૦૧૬૩૩૧ | સ્નાતક |
| 11 | પી.જી. ડિપ્લોમા | કોમ્પ્યુટર | કોમ્પ્યુટર વિભાગ, અમદાવાદ<br>ફોન નં. ૦૭૯-૪૦૦૧૬૩૩૧ | સ્નાતક |
| 12 | પી.જી. ડિપ્લોમા | હાર્ડવેર એન્ડ નેટવર્કીંગ | યુ.સી.ક વિભાગ, અમદાવાદ<br>ફોન નં. ૦૭૯-૪૦૦૧૬૩૩૯ | સ્નાતક |
| 13 | પી.જી. ડિપ્લોમા | દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમ (ટેલિવિઝન) નિર્માણ | દ્રશ્ય શ્રાવ્ય વિભાગ, અમદાવાદ<br>ફોન નં. ૦૭૯-૪૦૦૧૬૩૩૫ | સ્નાતક |
| 14 | પી.જી. ડિપ્લોમા | યોગ | મહાદેવ દેસાઈ સમાજ સેવા સંકુલ, અમદાવાદ<br>ફોન નં. ૦૭૯-૪૦૦૧૬૨૭૧ | સ્નાતક |
| 15 | એમ.એ. | હિન્દી, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, સમાજશાસ્ત્ર, ગ્રામવિકાસ, પત્રકારત્વ, યોગ સાયન્સ, ગુજરાતી, જૈનવિદ્યા | | સ્નાતક |
| 16 | ત્રિમાસિક સર્ટીફીકેટ કોર્સ | યોગ | | ધોરણ ૧૦ પાસ |
| 17 | એમ.એ. | ગાંધીવિચાર | ગાંધીદર્શન વિભાગ, અમદાવાદ<br>ફોન નં. ૦૭૯-૪૦૦૧૬૩૧૯ | સ્નાતક |
| 18 | આઈ.ટી.આઈ. | ઈલેક્ટ્રોનિક મિકેનિક. આઈ.ટી. (બે વર્ષ) કોમ્પ્યુટર એડેડ ડ્રેસ મેકિંગ એન્ડ ડ્રેસ ડિઝાઈન, કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ (COPA), | ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર, ચંદ્રલોક બસ સ્ટોપ, સિદ્ધાર્થ પેલેસ હોટલની સામે, શાહીબાગ, અમદાવાદ<br>ફોન નં. ૦૭૯-૨૨૮૬૪૭૪૬ | ધોરણ ૧૦ પાસ |
| 18 | ટી.ઈ.બી. માન્ય પ્રમાણપત્ર અભ્યાસક્રમ | ફેબ્રિકેટર ફીટર કમ વેલ્ડર (એક વર્ષ) ઈલેક્ટ્રીકલ ટેકનિશિયન (૪૦ કલાક) | | ધોરણ 9 પાસ |
| 19 | પી.જી. ડિપ્લોમા | હિન્દી અનુવાદ, પ્રયોજન મૂલક હિન્દી | મહાદેવ દેસાઈ સમાજ સેવા સંકુલ, અમદાવાદ | સ્નાતક |
| 20 | એમ.એ. | માનવ સંશાધન વિકાસ | આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગ | સ્નાતક |